# ચિત્રકાર, છબિકાર, શિલ્પકાર અને.... | અજય પાઠક

[**'ઓળખ્યાં એવાં આલેખ્યાં'** : લે. મુનિકુમાર પંડ્યા, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૧૫૯, કિં. રૂ. ૯૦/-]

પોતાની આસપાસની સૃષ્ટિનું નિરીક્ષણ-પરીક્ષણ કરવું, પરિસ્થિતિનું આકલન કરવું અને તે અંગે પ્રતિસ્પંદ દાખવવો એ એક માનવીય પ્રવૃત્તિ છે. કલાકાર આ પ્રવૃત્તિને થોડા વિશેષભાવે સેવે છે. પ્રકૃતિના વિવિધ અંશોને ઓળખવા, ક્યારેક પોતાના ખાસ દૃષ્ટિકોણથી ઓળખવા, પ્રચલિત રીતરસમો કરતાં કૈંક નોખી રીતે ઓળખવા માટેનો કલાકારનો એક વિશેષ ઉદ્યમ હોય છે. ચિત્રકાર પોતે ઝીલેલ છબિનું પીંછી અને રંગો / રેખાઓ દ્વારા સુંદર ચિત્ર સર્જે છે. છબિકાર 'કેમેરા દ્વારા અમુક આગવા દૃષ્ટિકોણથી છબિ' કેમેરામાં કંડારે છે. શિલ્પકાર પથ્થરની શિલામાંથી ટાંકણા, હથોડી દ્વારા શિલ્પ/મૂર્તિનું નિર્માણ કરે છે. આવી જ કલાનિર્માણની પ્રક્રયામાંથી સાહિત્યકાર / શબ્દકાર પસાર થાય છે. સાહિત્યકાર પોતે મનમાં ઝીલેલ છબિને શબ્દના / ભાષાના માધ્યમથી આલેખે છે. તેની આ આલેખનમથામણમાં ચિત્રકાર, છબિકાર, શિલ્પકાર ત્રણેય કલાકારોની કલાનિર્માણપ્રક્રિયા સમાયેલી જણાય છે. ક્યાંક તેનો દૃષ્ટિકોણ છબિકારની જેમ આગવો હોય છે અને એ દૃષ્ટિકોણમાં સૌંદર્ય સમાયેલું હોય છે. ક્યારેક ચિત્રકારની માફક સાહિત્યકાર રંગ / રેખાઓનું સૌંદર્ય સર્જે છે. તો એ વાત નિશ્ચિત છે કે શિલ્પકારની હેસિયતથી સાહિત્યકાર ઘણું બધું જતું કરીને હાથવગી માહિતી / પ્રાપ્ત અનુભવમાંથી શબ્દનું શિલ્પવિધાન સિદ્ધ કરે છે. સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપોમાં આ સર્જનપ્રક્રિયા દૃષ્ટિગોચર થઈ શકે પરંતુ ચરિત્રનિબંધ જેવા સાહિત્યસ્વરૂપમાં આવી સર્જકપ્રક્રિયા વિશેષ રૂપે દૃષ્ટિગોચર થવાનો સંભવ છે. શ્રી મુનિકુમાર પંડ્યાનાં પ્રસ્તુત પુસ્તકમાંથી પસાર થતાં આ વાતની પ્રતીતિ થાય છે. નિરૂપિત વ્યક્તિઓને ઓળખવામાં આ સર્જકે અપનાવેલ દૃષ્ટિકોણ એક કલાકાર / છબિકારનો છે. વ્યક્તિચિત્રોનું નિર્માણ કરવામાં / આલેખનમાં અપનાવેલ અભિગમ ચિત્રકાર / શિલ્પકારનો છે. ચરિત્રને કંડારવામાં લેખક ઘણીબધી ઉપલબ્ધ માહિતીનો ત્યાગ કરીને, કેટલીક વિગતોને સર્જનાત્મક સંસ્પર્શ આપીને ચરિત્રનિબંધનું સૌષ્ઠવ નિષ્પન્ન કરે છે. ચરિત્રનિબંધ કહેતાં આ રેખાચિત્રો / શબ્દાંકનો લલિત નિબંધના આ સ્વરૂપના સાહિત્યની સમૃદ્ધિમાં સુંદર ઉમેરો કરે છે. અહીં 'વિનોદની નજરે' જેવો દૃષ્ટિકોણ નથી છતાં લેખનમાં વિનોદ જરૂર છે. અહીં 'ઝબકાર'નો અભિગમ નથી છતાં કલમના એક લસરકે ઝબકાર અવશ્ય પ્રગટ થાય છે. અહીં 'સત્યકથાઓ' માત્ર નથી પરંતુ કલ્પના અને સત્ય / વાસ્તવના સુભગ મિશ્રણવાળું સ્મૃતિચિત્રનું સૌંદર્ય છે. વાર્તાકાર મુનિકુમારનો કથન-કસબ તેમને ચરિત્રલેખનમાં ઉપકારક બન્યો છે, બલકે ક્યારેક પોતાની વાર્તાઓ કરતાં ચરિત્રલેખનની કલા વધુ ચઢિયાતી બની આવી હોય તેમ અનુભવાયું છે.

આ પુસ્તકમાં ૩૦ ચરિત્રનિબંધો છે. તેનું વર્ગીકરણ જોઈએ તો આઠ-નવ પ્રતિષ્ઠિત સાહિત્યકારોનાં રેખાચિત્રો છે. પાંચેક ચિત્રો કુટુંબીજનોનાં છે. ત્રણ ચિત્રો જ્ઞાતિસમાજમાંથી પસંદ કરેલી વ્યક્તિઓ વિશેનાં છે. વ્યવસાયના સ્થળેથી કેટલાક સહકર્મચારીઓનાં ચિત્રો છે. થોડાં ચિત્રો આસપાસના સમાજમાંથી પસંદગી પામેલી વ્યક્તિઓનાં છે. ૧૨ વિદ્યમાન વ્યક્તિઓનાં ચરિત્રો છે અને ૧૮ સદ્ગત વ્યક્તિઓનાં સ્મૃતિચિત્રો છે. બા, દાદીમા, સિદ્ધિદેવી, રળિયાતડોસી વગેરે પાંચેક નારીવિષયક ચરિત્રો છે. ૨૩ નિબંધો પુરુષ પાત્રો અંગે છે. એક દંપતી અંગે લેખ છે તો એક કુટુંબકથા છે. લેખકના અંગત અનુભવ / પરિચયક્ષેત્રમાંથી કેટલાંક ચરિત્રો આકાર પામ્યાં છે જ્યારે કેટલાંક પ્રસિદ્ધ અને જાહેર જીવનના ક્ષેત્રમાંથી ચરિત્ર પસંદ થયાં છે. લેખકે શીર્ષક પસંદ કર્યું છે – 'ઓળખ્યાં એવાં આલેખ્યાં.' સ્વાભાવિક છે કે અંગત અનુભવક્ષેત્રમાંથી પસંદ થયેલ ચરિત્ર વધુ સુંદર અને સંવેદનપૂર્ણ આલેખન પામ્યું હોય. બા, દાદીમા, દાદાજી, રળિયાતડોસી વગેરે ચરિત્રો આ રીતે સ્મરણીય બન્યાં છે. 'દાદાજી'નું ચરિત્ર બે ભાગમાં છે. પૂર્વાર્ધનું આલેખન દાદાજીનું પાત્ર ઉપસાવે છે અને ઉત્તરાર્ધમાં લેખકનું દાદાજી સાથેનું નિજી સંવેદન ભળે છે. કરુણનો આછો સ્પર્શ વાચકનાં નેત્રો સજળ બનાવે છે. ગઈ કાલની સંયુક્ત કુટુમ્બજીવનની માધુરીનો સ્પર્શ થાય છે.

વ્યવસાયના સ્થળેથી સહકર્મચારીનાં ચરિત્રો પૈકી 'કિરીટસિંહ રણજિતસિંહ ઝાલા'નું વ્યક્તિચિત્ર યાદગાર આલેખન પામ્યું છે. ભાવનગર જિલ્લાના સોનગઢની ગુરુકુળ હાઈસ્કૂલમાં શિક્ષક અને ગુરુકુળ આશ્રમના અધ્યક્ષ તરીકે કામ કરતા કિરીટસિંહની સ્વભાવ-લાક્ષણિકતાઓને પ્રગટ કરતું આલેખન પાત્રને સરસ ઉપસાવે છે, તાદૃશ્ય બનાવે છે, લેખકની શૈલીનો વિશેષ પણ અહીં જોવા મળે છે.

જ્ઞાતિસમાજમાંથી ભાવનગરની ત્રણ વ્યક્તિઓ અંગે અહીં નિબંધો મૂકવામાં આવ્યા છે. 'ગજાનન ઉ. ભટ્ટ', 'સવુદાદા' તથા 'મહોરા વિનાનો માણસ – બકુલ શુક્લ. સવુદાદા અને ગજાનન ભટ્ટ સદ્ગત છે, બકુલ શુક્લ વિદ્યમાન છે. ગજાનન ભટ્ટ વિશેની માહિતી વગેરે પરોક્ષ રીતે કુટુમ્બીજનો કે અન્ય રીતે પ્રાપ્ત કરીને ચરિત્રનિબંધ લખાયો છે. સવુદાદા બોટાદમાં શિક્ષક હતા. લેખકનું ગામ. બકુલ શુક્લ લેખકના પરિચયવર્તુલમાંથી આવે છે. બકુલ શુક્લ અને તેમના પરિવારજનોમાં રહેલી અનેક લાક્ષણિકતાઓ, પરંપરાભંજક સ્વભાવ, અસાધારણ હિંમત અને અરૂઢ વ્યક્તિચેતનાનું સુરેખ આલેખન લેખક કરી શક્યા છે. જેઓ બકુલ શુક્લથી પરિચિત છે તેમને પ્રસ્તુત આલેખમાં ખૂબ મજા આવશે અને જેમને બકુલ શુક્લનો પરિચય નથી તેમને ખાસ રૂબરૂ મળવાનો ઉમંગ પ્રગટશે. ચિત્રકાર, છબિકાર, શિલ્પકાર અને સાહિત્યકારનો સુભગ સમન્વય આ રેખાચિત્રમાં જોવા મળે છે.

વિદ્યમાન સાહિત્યકારોમાંથી 'રઘુવીર ચૌધરી', 'આ છે ભોળાભાઈ', 'મોહમ્મદ માંકડ' અને 'નરોત્તમ પલાણ' અંગે સુંદર આલેખન પ્રાપ્ત થાય છે. સદ્ગત સાહિત્યકારોમાં 'કવિવરની સંનિકટ' – રવીન્દ્રનાથ ટાગોર અંગે, 'ધરતીનો લાડકવાયો' – ઝવેરચંદ મેઘાણી અંગે, 'હસમુખ પાઠક' તથા બકુલ ત્રિપાઠી વિશે નિબંધો છે. હસમુખ પાઠક અને બકુલ ત્રિપાઠી અંગેનાં આલેખન પ્રભાવ ઊભો કરતાં નથી. મેઘાણી તથા રવીન્દ્રનાથ ટાગોર અત્યંત જાણીતા સાહિત્યકારો હોઈને પ્રસ્તુત આલેખનમાં કશું નવું પ્રાપ્ત થતું નથી. રવીન્દ્રનાથ અંગેનાં આલેખનમાં મૈત્રેયી દેવીનો ખૂબ આધાર લેવામાં આવ્યો છે. લેખકનો આગવો દૃષ્ટિકોણ પ્રાપ્ત થતો નથી. જોકે મેઘાણી અંગે નોંધાયેલ બોટાદમાં બનેલા પ્રસંગોના આલેખનમાં લેખકની અંગત જાણકારીનો રણકો અનુભવાય છે. વિદ્યમાન સાહિત્યકારો અંગે જે ચિત્રો સર્જવામાં આવ્યાં છે તે ખૂબ રસપ્રદ બન્યાં છે. તેમાંય 'નરોત્તમ પલાણ' અને 'રઘુવીર ચૌધરી'માં લેખક ખીલ્યા છે. ''....તેમને માટે ખાદી એ દેખાવ માટેનો પોશાક નથી. અને દેખાવ તો ઉત્તર ગુજરાતના આ આંજણા પાટીદારનો ગ્રીક યોદ્ધા જેવો લાગે. ઊંચી દેહયષ્ટિ, પાતળા હોઠ, તીણું નાક, સહેજ

લાંબી હડપચી. પણ યોદ્ધા જેવી કઠોરતાના સ્થાને ચમકતી આંખો અને પાતળા હોઠમાંથી સ્નેહવર્ષા થતી અનુભવાય. સાબરમતીના લય જેવો આછો ઘેરો અવાજ સામી વ્યક્તિ પરના વિશ્વાસનો દ્યોતક બને છે. અને એનામાંય આત્મવિશ્વાસ ઊભો કરે છે. રઘુવીર દાઢી રાખે તો બાહ્યાભ્યંતર બંને રીતે અબ્રાહમ લિંકનનો ખ્યાલ કરાવે.'' રઘુવીર ચૌધરી વિશેનું શબ્દચિત્ર લેખકની નિરીક્ષણશક્તિ અને વર્ણનશક્તિ બંનેનો પરિચય કરાવે છે. રઘુવીરના આંતરિક વ્યક્તિત્વ, તેમની કવિતા અને અન્ય સાહિત્ય સર્જનને વણી લઈને આલેખન થયું છે તેથી એક આસ્વાદ્ય ચરિત્રનિબંધનો અહેસાસ કરાવે છે. નરોત્તમ પલાણ અંગે આવું જ આસ્વાદ્ય ચિત્ર પ્રાપ્ત થાય છે. વધુમાં પલાણ અંગેના આલેખનમાં પ્રસંગકથન અને તેમાંથી પ્રગટતું પલાણનું વ્યક્તિત્વ નિરૂપાયું છે જે વાચકને યાદગાર વાચનનો અનુભવ કરાવે છે.

મુનિકુમાર ગદ્યસર્જનની વિવિધ પ્રયુક્તિઓ જાણે છે. કથન, વર્ણન, સંવાદ અને મર્માળું હાસ્ય, લોકબોલી(કાઠિયાવાડી)નો સમુચિત ઉપયોગ, કેટલાક ખાસ શબ્દપ્રયોગો ઉલ્લેખનીય છે. ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીનું આ છવ્વીસમું પુસ્તક છે શ્રી ભારતી ર. દવે પ્રકાશકીય મિતાક્ષરી નોંધમાં જણાવે છે, ''ચરિત્રઆલેખનમાં સર્જકની કલમ ધ્યાનાકર્ષક છે.'' અહીં ઉમેરી શકાય કે 'ઓળખ્યાં એવાં આલેખ્યાં'માંના ચરિત્રનિબંધો લેખકને એક સિદ્ધહસ્ત ચરિત્રલેખક તરીકે સ્થાપે છે. લેખકની અનુભવમૂડીમાંથી આવાં વધુ સર્જનો પ્રાપ્ત થાય !